ખુબ જ અગત્યનું/તાત્કાલિક

| | |
|---|---|
| G20 ભારત 2023 INDIA | **નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી**<br>'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧<br>☏૦૨૬૧ ૨૪૬૪૪૩૦૬ :: મેઇલ-swo-sur@gujarat.gov.in |

નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૫-૨૬ /૩૧૩૬ થી ૩૧૩૮ તા.04/10/2025

**પ્રતિ,**

**1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત**

**વિષય** : વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ ની અનુસુચિત જાતિની ધોરણ -૦૯માં અભ્યાસ કરતી કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા બાબત

સંદર્ભ: - અત્રેની કચેરીના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક /2025-26 તા.26/09/2025

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે , સરકારશ્રીના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ,ગાંધીનગર કચેરી દ્વારા સરસ્વતી સાધના યોજના (સાયકલ ) અંતર્ગત ધોરણ -૦૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને નિયમનુસાર સાયકલ આપવાની યોજના અમલમાં છે. આ સાયકલનું વિતરણ નિયામક, અનુસૂચિત જાતિ કાલ્યાણની જિલ્લા કચેરીએ **સરકારી, ગ્રાન્ટ ઇન એડ, ખાનગી તમામ શાળાઓમાં અભ્યાસ કરતી** ધોરણ ૦૯ ની વિદ્યાર્થીનીઓની ઓનલાઇન દરખાસ્ત મંગાવી નિયમનુસાર મંજુર કરવામાં આવે છે. ઉપરોકત બન્ને વર્ષની લક્ષ્યાંક મુજબની સાયકલ સુરત જિલ્લાને મળી ગયેલ છે, પરંતુ સુરત જીલ્લાને વર્ષ -૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ માટે જે લક્ષ્યાંક આપેલ તેની સામે ખુબ જ ઓછા પ્રમાણમાં સાયકલની ઓનલાઇન દરખાસ્ત મળેલ છે, જે બાબતે અત્રેની કચેરી દ્વારા વારવાર પત્ર પાઠવેલ તેમજ શાળાઓને ટેલિફોનિક સૂચનાઓ આપવા હોવા છતા આજદિન સુધી ઘણી શાળાઓ તરફથી ધોરણ ૯ મા અભ્યાસ કરતી કન્યાઓની સરસ્વતી સાધના (સાયકલની ) દરખાસ્ત બનાવવામા આવતી નથી જે ખુબ જ ગંભીર બાબત કહેવાય.

વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ ની અનુસુચિત જાતિની ધોરણ -૦૯માં અભ્યાસ કરતી કન્યાઓને સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા જણાવવામાં આવે છે અને જો કોઇ શાળા તરફથી સાયકલની દરખાસ્ત બનાવવામાં નહી આવે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રી ની રહેશે. જેથી આપના તાબા હેઠળની તમામ **સરકારી, ગ્રાન્ટ ઇન એડ, ખાનગી શાળાઓને ઉક્ત બાબતે દિન-૫ માં તાત્કાલિક કામગીરી કરવા જરૂરી સુચના આપવા વિનંતી છે.**

**નાયબ નિયામક,**
**અનુસૂચિત જાતિ કલ્યાણ,**
**સુરત**

**નકલ સવિનય રવાના:**

1) મે. કલેક્ટરશ્રી,સુરત તરફ કામગીરી અર્થે સંબંધિતોને જરૂરી સૂચના આપવા સારૂ........
2) મે.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત (જિલ્લા પંચાયત) તરફ કામગીરી અર્થે સંબંધિતોને જરૂરી સૂચના આપવા સારૂ........